स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

**સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત**

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.



**૪૯મો વાર્ષિક અહેવાલ**

**સને : ૨૦૧૫-૨૦૧૬**




| | | |
|---|---|---|
| સભાસદ સંખ્યા | : | ૧,૧૯૦ |
| કરજદાર સભ્ય સંખ્યા | : | ૬૬૬ |
| મંજૂર થયેલ શેર ભંડોળ | : | ૪,૦૦,૦૦,૦૦૦/- |
| વસુલ આવેલ શેર ભંડોળ | : | ૩,૧૦,૦૦,૧૨૦/- |
| થાપણ | : | ૧,૧૪,૧૦,૧૧૧/- |
| રીઝર્વ ફંડ | : | ૯૯,૮૧,૬૪૧/- |

૧૬૨/૧, આનંદ વાટિકા,
સેક્ટર-૨૨, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૩૨૨૫૭૩૨

ઓડિટ વર્ગ : ઓડિટ બાકી

બેન્કર્સ : ધી અમદાવાદ ડી. કો. ઓ. બેંક લી., પાટનગર શાખા, સેક્ટર-૧૬, ગાંધીનગર

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## કાર્યવાહક મંડળ
## ૨૦૧૫-૨૦૧૬



પ્રમુખશ્રી
**હર્ષદકુમાર સી. પટેલ**
ડભોડા વિભાગ



મંત્રીશ્રી
**અનુપમાબેન કે. મોદી**
રાંધેજા વિભાગ



ઉપપ્રમુખશ્રી
**મહેન્દ્રકુમાર એસ. રાઠોડ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**જયેશકુમાર બી. પટેલ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**હસમુખભાઈ સી. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**અશ્વિનકુમાર મ. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**રાજેશકુમાર ટી. નાયી**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**મનુભાઈ એલ. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**રમેશભાઈ એમ. ચૌહાણ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**ધર્મેન્દ્રભાઈ કે. પટેલ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**પ્રતાપભાઈ એચ. ખાંટ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**અરવિંદભાઈ એમ. પ્રજાપતિ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**ગિરિશભાઈ કે. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**મુકેશકુમાર એ. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**સરદારસિંહ એસ. પટેલીયા**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**કાનજીભાઈ જી. અસારી**
ડભોડા વિભાગ



આમંત્રિત કારોબારી સભ્યશ્રી
**દિપ્તીબેન પી. પરમાર**
અડાલજ વિભાગ

**શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.**

# આમંત્રણ

## વાર્ષિક સાધારણ સભા

**સન્માનનીય સભાસદ ભાઈઓ-બહેનો,**

જયભારત સહ જણાવવાનું કે, શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.ની સને ૨૦૧૫-૨૦૧૬ના વર્ષની **સાધારણ સભા તા. ૨૯-૦૬-૨૦૧૬ ને બુધવાર** ના રોજ બપોરના ૨-૦૦ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગરમાં મળશે. જેમાં તમામ સભાસદ ભાઈ-બહેનોને હાજરી આપવા હાર્દિક નિમંત્રણ છે.

## એજન્ડા

૧. ગત સભાનો અહેવાલ મંજૂર કરવા બાબત.
૨. સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષમાં વ્યવસ્થાપક મંડળે કરેલ ઠરાવોને બહાલી આપવા બાબત.
૩. સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષનું સરવૈયું મંજૂર કરવા બાબત.
૪. સને ૨૦૧૫-૨૦૧૬ ના નફાની કાર્યવાહક મંડળ દ્વારા કરેલ વહેંચણીને બહાલી આપવા બાબત.
૫. સને ૨૦૧૬-૧૭નું અંદાજપત્ર (બજેટ)નું વાંચન કરવા બાબત.
૬. ફરજીયાત બચતની રકમ અંગે વિચારણા કરવા બાબત.
૭. ડેથ બેનિફીટ યોજનાની રકમ અંગે વિચારણા કરવા બાબત.
૮. સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીની નિમણૂકને બહાલી આપવા બાબત.
૯. સને ૨૦૧૬-૨૦૧૭ માનદ આંતરિક ઓડિટરશ્રીઓની નિમણૂંકને બહાલી આપવા બાબત.
૧૦. સને ૨૦૧૫-૧૬ના મંડળીના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, તથા મંત્રીશ્રીનું સન્માન કરવા બાબત.
૧૧. *સને તા. ૦૧-૦૬-૨૦૧૫ થી ૩૧-૦૫-૨૦૧૬ સુધીમાં નિવૃત થયેલ મંડળીના સભાસદ ભાઈઓ-બહેનોનું સન્માન કરવા બાબત.*
૧૨. *તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવા બાબત.*
૧૩. *પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તે.*

**હર્ષદકુમાર ચીમનભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**અનુપમાબેન કિરીટભાઈ મોદી**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**નોંધ :- “સાંજનું સ્વરૂચિ ભોજન સાથે લઈશું”**

તા.ક. (૧) સભા મળવાના સમયથી એક કલાક સુધીમાં કોરમ થયું નહીં હોય તો એક કલાક બાદ તે જ સ્થળે સભાનું કામકાજ એજન્ડા પ્રમાણે કરવામાં આવશે. જે કાયદેસર ગણાશે.
(૨) મંડળીના પ્રશ્નો બાબતે જે માહિતી જોઈતી હોય તે બાબતે મીટીંગના દશ દિવસ અગાઉ મંડળીના કાર્યાલયથી મેળવી લેવી. તેમજ પ્રશ્નો-સૂચનો દશ દિવસ અગાઉ લેખિતમાં રજૂ કરવા.

## કાર્યવાહક મંડળ ૨૦૧૫-૨૦૧૬

| નં. | નામ | હોદ્દો | શાળા |
|---|---|---|---|
| **૧.** | **શ્રી હર્ષદભાઈ ચીમનભાઈ પટેલ** | **પ્રમુખ** | **આચાર્યશ્રી, ચિલોડા પગાર કેન્દ્ર શાળા** |
| ૨. | શ્રી મહેન્દ્રભાઈ સવજીભાઈ રાઠોડ | ઉપ પ્રમુખશ્રી | સી.આર.સી. કો.ઓર્ડિનેટર, ચાંદખેડા |
| ૩. | શ્રી જયેશકુમાર બાબુભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. હુડકો ભાટ પ્રાથમિક શાળા |
| ૪. | શ્રી હસમુખભાઈ ચીમનભાઈ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, પેથાપુર કન્યા-૧ પ્રાથમિક શાળા |
| ૫. | શ્રી અશ્વિનકુમાર મથુરભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. સોરાબપુરા પ્રાથમિક શાળા |
| ૬. | શ્રી રાજેશકુમાર ત્રિભોવનદાસ નાયી | કા. સભ્યશ્રી | સી.આર.સી. કો.ઓર્ડિનેટર, શેરથા |
| ૭. | શ્રી મનુભાઈ લાલજીદાસ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, ટીંટોડા પગાર કેન્દ્ર શાળા |
| ૮. | શ્રી રમેશભાઈ માસંગજી ચૌહાણ | કા. સભ્યશ્રી | મ.શિ. ધણપ પ્રાથમિક શાળા |
| ૯. | શ્રી ધર્મેન્દ્રભાઈ ખોડાભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. પોર પ્રાથમિક શાળા |
| ૧૦. | શ્રી પ્રતાપભાઈ હરિભાઈ ખાંટ | કા. સભ્યશ્રી | મ.શિ. ડભોડા પગાર કેન્દ્ર શાળા |
| ૧૧. | શ્રી અરવિંદભાઈ મંગાભાઈ પ્રજાપતિ | કા. સભ્યશ્રી | મ.શિ. ગણપતપુરા પ્રાથમિક શાળા |
| ૧૨. | શ્રી ગિરીશભાઈ કચરાભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. જનતાનગર પ્રાથમિક શાળા |
| ૧૩. | શ્રી મુકેશકુમાર અમૃતભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. ફતેપુરા પ્રાથમિક શાળા |
| ૧૪. | શ્રી સરદારસિંહ સાયબાભાઈ પટેલીયા | કા. સભ્યશ્રી | સી.આર.સી. કો.ઓર્ડિનેટર, રાંધેજા |
| ૧૫. | શ્રી કાનજીભાઈ ગલજીભાઈ અસારી | કા. સભ્યશ્રી | મ.શિ. નવાપુરા પ્રાથમિક શાળા |
| ૧૬. | શ્રી દિપ્તીબેન પ્રવિણભાઈ પરમાર | આમંત્રિત કા.સભ્યશ્રી | મ.શિ.નવા કોબા પગાર કેન્દ્ર શાળા |

## મંત્રીશ્રી

| | | | |
|---|---|---|---|
| **૧.** | **શ્રી અનુપમાબેન કિરીટભાઈ મોદી** | **મંત્રીશ્રી** | **આચાર્યશ્રી, પેથાપુર પગાર કેન્દ્ર શાળા** |

## આંતરિક ઓડીટરશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી દેવકુમાર પ્રતાપરાય કલવાણી | ઓડીટરશ્રી | મ.શિ., શેરથા-૨ પ્રાથમિક શાળા |
| ૨. | શ્રી અશોકકુમાર બાબુભાઈ લખવારા | ઓડીટરશ્રી | મ.શિ. રૂપાલ કુમાર પ્રાથમિક શાળા |
| ૩. | શ્રી સંજયકુમાર રામાભાઈ પટેલ | ઓડીટરશ્રી | મ.શિ.,સોના. ગલુ. કન્યા પ્રાથમિક શાળા |

## કર્મચારીગણ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી રમણભાઈ નાથાભાઈ પટેલ | કાર્યાલય મંત્રીશ્રી |
| ૨. | શ્રી મન્વેશકુમાર રામાભાઈ પટેલ | કોમ્પ્યુટર ઓપરેટરશ્રી |
| ૩. | શ્રી આકાશ દિપકભાઈ સોની | કોમ્પ્યુટર ઓપરેટરશ્રી |
| ૪. | શ્રી પ્રમોદભાઈ મફતલાલ શુકલ | સેવક |

# પ્રમુખશ્રીનું નિવેદન

આદરણીય સભાસદ શિક્ષક ભાઈઓ / બહેનો,

સાદર નમસ્કાર

આપણી મંડળીની ૪૯મી વાર્ષિક સાધારણ સભામાં આપ સૌનુ હાર્દિક સ્વાગત કરતાં આનંદની લાગણી અનુભવું છું.

આપણી મંડળી સને ૨૦૧૫-૧૬ નું હિસાબી વર્ષ પૂરું કરી ૫૦માં વર્ષમાં વિકાસની કેડી પર આપ સૌના સાથ સહકારથી આગેકૂચ કરી રહેલ છે. વ્યવસ્થાપક મંડળે ભલામણ કરેલ વર્ષ ૨૦૧૫-૨૦૧૬ નો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું.

મને આશા છે કે આ અહેવાલના અભ્યાસ દ્વારા આપ સૌને જણાશે કે વહીવટમાં સુગમતા અને ચોક્કસ દિશા આપીને મંડળીની પ્રગતિમાં હરણ ફાળ ભરીને વિકાસના પંથે આગેકૂચની દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેના પરિણામ સ્વરૂપે આપણી મંડળીનો પારદર્શક વહીવટ અને આ વર્ષનો નફો આપની સામે છે.



**હર્ષદકુમાર ચીમનભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં.તા.પ્રા.શિ.શ.સ.મં.લી.,
ગાંધીનગર.

સંપ - સેવા - સહકાર - સંગઠનની ભાવનાના પાયા પર રચાયેલી આપણી મંડળીને પ્રગતિ તરફ લઈ જનાર એ પૂર્વ આદ્ય સંસ્થાપકોને યાદ કરતા થાપણદારો અને સભાસદ ભાઈ-બહેનોને ખૂબ ખૂબ સન્માન સાથે અહીં આવકારું છું.

૧. **સભાસદ સંખ્યા :** ગત વર્ષ આખરે સભાસદ સંખ્યા ૧૧૮૫ હતી. વર્ષ દરમ્યાન ૫૪ સભાસદો નવા દાખલ થયેલ છે તેમજ વયનિવૃત્તિ, તાલુકા / જીલ્લા / શહેર વિસ્તાર ફેરબદલી, સ્વૈચ્છિક રાજીનામાના કારણે ૪૯ સભાસદોના રાજીનામા મંજૂર થતાં વર્ષ આખરે ૧૧૯૦ સભાસદો બાકી રહે છે.

૨. **શેરભંડોળ :** ગત વર્ષ આખરે શેરભંડોળ રૂા.૨,૪૭,૩૭ ,૬૨૦ હતું. તે માંથી રૂા. ૧૧,૨૪,૧૯૦/- પરત ચૂકવ્યા તથા ચાલુ વર્ષના અંતે રૂા. ૭૩,૮૬,૬૯૦/- નો શેરભંડોળમાં વધારો થતાં વર્ષ આખરે રૂા. ૩,૧૦,૦૦,૧૨૦/- શેરભંડોળ થયેલ છે.

૩. **કરજ :** ગયા વર્ષ આખરે કરજ રૂા.૨૫,૯૦,૧૬,૧૦૦/- બાકી હતું. જેમાં વર્ષ દરમ્યાન રૂા.૨૩,૬૦,૨૦,૪૦૦/- કરજ વસૂલાત આવેલ છે. તેમજ રૂા.૨૫,૧૩,૮૦,૦૦૦/- કરજ ધીરાણ કરતાં વર્ષ આખરે રૂા.૨૭,૪૩,૭૫,૭૦૦/- કરજ બાકી રહે છે.

૪. **નફો :** ચાલુ વર્ષના સમયગાળા દરમિયાન વહીવટી ખર્ચમાં કરકસર કરેલ છે. ફરજીયાત બચત પર વ્યાજ, વ્યાજ વળતર વગેરેની જોગવાઈ કર્યા બાદ મંડળીએ રૂા.૩૦,૩૭,૧૮૯/-નો નફો કરેલ છે.

૫. **નફાની વહેંચણી :** ચાલુ વર્ષે મંડળીએ આપણા સભાસદોને ફરજીયાત બચત પર ૭.૮૦% વ્યાજ, શેર ડિવિડન્ડ ૭.૦૦% તેમજ વ્યાજ વળતર ૧.૦૦% ચૂકવવાનું કાર્યવાહક મંડળે ભલામણ કરેલ છે.

૬. **કરજ લેનાર સભ્યો :** આપણી મંડળીના કુલ સભાસદો ૧૧૯૦ છે. જે પૈકી કરજ લેનાર સભાસદોની સંખ્યા ૬૬૬ છે. કરજ નહીં લેનાર સભાસદોની સંખ્યા ૫૨૪ છે.

૭. **સભાસદ થાપણ :** ગત વર્ષના અંતે આપણી મંડળીમાં રૂા.૨૦,૦૪,૫૭,૧૦૦/- થાપણ જમા હતી. જેમાં ચાલુ વર્ષે નિવૃત્ત શિક્ષકના નોમિનલ સભ્યોની થાપણ રકમ પરત આપવા ઉપરાંત નવી થાપણ રૂા. ૨૭,૧૦,૪૫૦/- નો વધારો થતાં વર્ષ આખરે રૂા.૨૦,૩૧,૬૭,૫૫૦/- થાપણ જમા થયેલ છે.

૮. **કાર્યવાહક કમિટી :** ચાલુ વર્ષ દરમિયાન કાર્યવાહક મંડળની કુલ ૧૨ બેઠક મળી. જેમાં ૫૦૫ અરજીનો નિકાલ કરવામાં આવ્યો.

૯. **નિવૃત્તિ/ડેથ બેનીફીટ યોજના :** વર્ષ દરમિયાન ૪૯ સભાસદોનાં રાજીનામાં મંજૂર થતાં જેમાંથી યોજનામોં જોડાયેલા ૨૧ નિવૃત્ત સભાસદોને રૂા.૨,૩૧,૦૦૦/- નો નિવૃતી ફાળો તેમજ ૧ સભાસદના વારસદાર ને રૂા. ૧,૨૫,૦૦૦/- ડેથ ફાળો ચૂકવી આપેલ છે.

૧૦. **દફતર તપાસણી :** તા.૧-૪-૨૦૧૫ થી ૩૧-૩-૨૦૧૬ સુધીનું ઓડિટ માનદ્ ઓડિટરશ્રીઓએ ઓડિટ કરેલ છે. (સને : ૨૦૧૫-૧૬નું સરકારી પેનલ ઓડિટ બાકી છે.)

૧૧. **ફરજીયાત બચત :** ફરજીયાત બચત યોજનામાં ગત વર્ષે રૂા.૫,૪૧,૯૭,૮૦૦/- જમા હતા જેમાં ચાલુ વર્ષમાં રૂા.૫૬,૨૮,૫૫૦/- નો વધારો થતાં વર્ષ આખરે રૂા.૫,૯૮,૨૬,૩૫૦/- ફરજીયાત બચત ખાતે જમા થયેલ છે.

૧૨. **પ્રોત્સાહિત ઈનામ :** ચાલુ વર્ષમાં ગાંધીનગર તાલુકા પ્રાથમિક શાળા રમતોત્સવમાં ગાંધીનગર તાલુકાની સરકારી પ્રાથમિક શાળામાં બાળકોને ઈનામ પેટે રૂા. ૪૫૦૦/- આપી પ્રોત્સાહન પૂરું પાડેલ છે.

આજે મંડળીના ૪૯ વર્ષ પૂર્ણ કરી ૫૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે ત્યારે "સુવર્ણ જયંતિ મહોત્સવ" ઉજવણીના ભાગ રૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ કાચા નફામાંથી રૂા.૫૦,૦૦૦/- ની જોગવાઈ કરેલ છે.

ચાલુ વર્ષે મંડળીએ રૂપિયા ૧૦ લાખ સુધીનું ધિરાણ કરવાની મંજૂરી મેળવેલ છે. મંડળીની નાણાકીય પરિસ્થિતિ તથા તરલતાને ધ્યાને લઈ કાર્યવાહક મંડળ હાલની ધિરાણ યોજનામાં ક્રમશઃ વધારો કરશે.

ડિજીટલ ઈન્ડિયાના ભાગરૂપે "મે-૨૦૧૬" થી દરેક થાપણદારને મંડળીમાં મૂકેલ થાપણ રસીદને દસ દિવસ પહેલા રીન્યુ કરવાનો મેસેજ મોકલવાની સુવિધા ચાલુ કરેલ છે તથા જુન-૨૦૧૬થી મંડળીના વહીવટને લગતા દૈનિક રોજ મેળ તથા જનરલ ખાતાવહી વગેરે સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ કરેલ છે.

વર્ષ દરમિયાન સંસ્થાના કામકાજમાં જાગૃત રહીને મંડળીને પ્રગતિના પંથે લઈ જવામાં સાથ સહકાર અને પ્રેરણા આપવા બદલ વ્યવસ્થાપક મંડળના સર્વે સભ્યશ્રીઓ, મંડળીના તમામ કર્મચારી ગણ, ઓડિટરશ્રીઓ તથા ઉત્સાહી, અભ્યાસુ અને નિષ્ઠાવાન મંત્રીશ્રી અનુપમાબેન મોદીનો હું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

મંડળીના પ્રમુખ તરીકે મારી સર્વાનુમતે નિયુક્તિ કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર મારા ડભોડા વિભાગના કારોબારી સભ્યશ્રીઓ પ્રતાપભાઈ ખાંટ, અશ્વિનભાઈ પટેલ, અરવિંદભાઈ પ્રજાપતિ, રમેશભાઈ ચૌહાણ તથા કાનજીભાઈ અસારીનો આભાર વ્યક્ત કરું છું. મને મંડળીના પ્રમુખ તરીકે મારી ઉત્કૃષ્ઠ કામગીરીમાં સાથ સહકાર આપી મારો ઉત્સાહ વધારનાર મારા વડીલશ્રીઓ, મિત્રો, સભાસદ ભાઈ-બહેનોનો ખૂબ જ ૠણી છું.

સંસ્થાના વહીવટમાં માર્ગદર્શન આપનાર મારા સ્નેહી મિત્રો, ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ રાઠોડ, પૂર્વ પ્રમુખશ્રીઓ/મંત્રીશ્રીઓ, મેરાજભાઈ રબારી, હસમુખભાઈ પટેલ, જયેશભાઈ પટેલ તથા તમામ કારોબારી સભ્યશ્રીઓ, મંડળીના વહીવટમાં કડીરૂપ તમામ પગાર કેન્દ્રના મુખ્ય શિક્ષકશ્રીઓ, ચિલોડા પ.કે.ના મ.શિ.શ્રી સૂર્યકાન્તભાઈ પટેલ તથા ચિલોડા પેટા શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓ, શિક્ષકશ્રીઓ, BRC/CRC કો.ઓર્ડીનેટર તથા ચિલોડા પ્રાથમિક શાળા પરિવારનો હું અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરું છું.

મંડળીના દૈનિક વહીવટમાં સદા નિયમિત, પ્રામાણિક, કાર્યકુશળ એવા કાર્યાલય મંત્રીશ્રી રમણકાકા તથા આજ્ઞાંકિત યુવાન, નિષ્ઠાવાન તથા મંડળીને વફાદાર કોમ્પ્યુટર ઓપરેટરશ્રી મન્વેશભાઈ પટેલ અને આકાશભાઈ સોની તથા મંડળીના સેવક પ્રમોદભાઈ શુકલનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

મંડળીને નિયમિત પ્રતિમાસ કરજ હપ્તાના ચેક આપવા બદલ માનનીય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા શિક્ષણ શાખાના સર્વે સ્ટાફ મિત્રોનો હું આભાર વ્યક્ત કરું છું.

ધી. અમદાવાદ ડી.કો.ઓ. બેંક. લી. સેક્ટર-૧૬, ગાંધીનગર શાખાના મેનેજરશ્રી, બેંક ઈન્સ્પેક્ટરશ્રી તથા સર્વે બેંક સ્ટાફનો હું આભાર વ્યક્ત કરું છું.

માનનીય જિલ્લા રજિસ્ટાર સાહેબે મંડળી પ્રત્યે દર્શાવેલ સહાનુભૂતિ અને સહકાર બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

સાથે મળીને સર્વોતમ કામ થઈ શકે તેવા ઉમદા હેતુ સાથે અમોએ શરૂ કરેલ મંડળીના વહીવટ અને પ્રગતિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અમોને સાથ-સહકાર અને માર્ગદર્શન આપનાર નામી-અનામી સૌ કોઈનો આ તબક્કે આભાર વ્યક્ત કરું છું.

અંતમાં આપણી મંડળીનો મૂર્તિમંત્ર "સેવા સહકાર સદ્‌ભાવના...." સાથે પરસ્પર વિશ્વાસનો કોલ દઈ મને આપ સૌએ સેવા કરવાની તક આપી તે બદલ આપ સૌનો આભાર માની હું વિરમું છું.

"જય જય ગરવી ગુજરાત"

**હર્ષદકુમાર ચીમનભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## મંત્રીશ્રીનું નિવેદન



**અનુપમાબેન કિરીટભાઈ મોદી**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**સ્નેહી સભાસદ ભાઈ-બહેનો**

સૌને સ્નેહભર્યા નમસ્કાર

આપ સૌના સહિયારા પુરૂષાર્થ અને સહકારથી આપણી મંડળી એક વટવૃક્ષની જેમ ફૂલીફાલી રહી છે. જેના મીઠાફળ આજે આપણે ચાખી રહ્યા છીએ. તેવા સમયે આપ સૌની સમક્ષ ગાં.તા.પ્રા.શિ.શ.સ.મંડળીની ૪૯મી વાર્ષિક સાધારણ સભામાં સને : ૨૦૧૫-૧૬ ના વર્ષનો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં હું ભાવવિભોર બની અત્યંત હર્ષ સાથે અવિરત વિકાસ યાત્રાની લાગણી અનુભવી રહી છું.

પ્રમુખશ્રીના નિવેદનમાં આપણી મંડળીનો પ્રગતિકારક અહેવાલ રજૂ કરેલ છે. ચાલુ વર્ષે મંડળીના મંત્રી તરીકેની મારી નિયુક્તિ કરી તે બદલ હું વ્યવસ્થાપક કમીટી તથા આપ સૌ સભાસદોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

મંડળીના આધાર સ્તંભ એવા થાપણદારની માંગણીને ધ્યાને લઈ "મે-૨૦૧૬" થી દરેક થાપણદારને પાકતી તારીખથી દસ દિવસ પહેલા થાપણ રસીદ રીન્યુનો મેસેજ મોકલવાની સુવિધા ચાલુ કરેલ છે. તથા ચાલુ વર્ષે મંડળીએ જિલ્લા રજિસ્ટ્રાર પાસેથી રૂપિયા દસ લાખ સુધીની ધિરાણની મંજૂરી મેળવેલ છે.

સને ૨૦૧૫-૧૬ ના વર્ષનો અહેવાલ આપની સમક્ષ રજૂ કરેલ છે. અહેવાલના અભ્યાસ દ્વારા જણાશે કે મંડળીના વહીવટમાં ચોક્કસ દિશા આપીને મંડળીની પ્રગતિમાં હરણફાળ ભરી વિકાસના પંથે આગેકૂચ કરેલ છે. જે આપ સૌને અહેવાલના અભ્યાસ દ્વારા ખાતરી થશે. મંડળીની થાપણો રૂા. ૨૦,૩૧,૬૭,૫૫૦/- થઈ છે તે આપ સૌની શ્રધ્ધા અને વિશ્વાસના દર્શન કરાવે છે.

ફરજીયાત બચત વ્યાજ, વ્યાજવળતર, નિવૃત્તિ ફાળો, ડેથફાળો અને સભાસદ વિદ્યાર્થી પ્રોત્સાહક ફંડ તથા સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવણીની કાચા નફામાંથી જોગવાઈ કર્યા બાદ ચોખ્ખો નફો રૂા. ૩૦,૩૭,૧૮૯/- નોંધાયેલ છે. ચાલુ વર્ષે વ્યવસ્થાપક કમિટિએ ફરજીયાત બચત પર ૭.૮૦% વ્યાજ, કરજ વ્યાજ વળતર ૧.૦૦% તેમજ શેર ડિવિડન્ડ ૭.૦૦% ની ભલામણ કરેલ હોઈ દરેક સભાસદને સંતોષ આપવાનો પ્રયત્ન કરેલ છે.

મને મંત્રીપદે કામ કરવાની પ્રેરણા આપનાર પ્રમુખશ્રી હર્ષદભાઈ પટેલ, કારોબારી સભ્યશ્રી હસમુખભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, મનુભાઈ પટેલ, સરદારસિંહ પટેલીયા, ગીરીશભાઈ પટેલ, મંડળીના તમામ કારોબારી સભ્યો, પૂર્વ મંત્રીશ્રી મેરાજભાઈ રબારી તથા મારી શાળાનો ઉત્સાહી શિક્ષક સ્ટાફ, પેથાપુર પગાર કેન્દ્રના તમામ શિક્ષક ભાઈઓ-બહેનોની તથા રાંધેજા વિભાગના સભાસદ મિત્રોની મને હૂંફ મળી છે તે બદલ હું તેમની આભારી છું.

મંડળીની પ્રગતિમાં તેમજ વહીવટમાં સાથ સહકાર અને પ્રેરણા આપનાર મંડળીના પ્રમુખશ્રી હર્ષદભાઈ પટેલનો મને હરપળે સહકાર મળ્યો છે. તથા ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ રાઠોડ તથા કારોબારી સભ્યશ્રીઓ તથા પગાર કેન્દ્રના આચાર્યશ્રીઓ, બી.આર.સી., સી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રીઓની હું ખૂબ જ ઋણી છું.

મંડળીના દૈનિક વહીવટમાં સદાનિયમિત, પ્રામાણિક અને મને સતત માર્ગદર્શન આપતા કાર્યાલય મંત્રીશ્રી રમણકાકા તથા ઉત્સાહી નિષ્ઠાવાન અને કાર્યકુશળ ભાઈઓ એવા કોમ્પ્યુટર ઓપરેટર મન્વેશકુમાર પટેલ અને આકાશભાઈ સોની તથા મંડળીના સેવક પ્રમોદભાઈનો હું આભાર વ્યક્ત કરૂ છું.

મંડળીને નિયમિત દર મહીને કપાતનો ચેક આપવા બદલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તથા શિક્ષણ શાખાના તમામ સ્ટાફ પરિવારનો હું આભાર વ્યક્ત કરૂ છું.

મંડળીના નાણાંકીય લેવડ-દેવડમાં માર્ગદર્શકશ્રી અમ.ડિ.કો.બેંક, સેકટર-૧૬, ગાંધીનગર શાખાના મેનેજરશ્રી, બેંક ઈન્સ્પેકટરશ્રી તથા બેંકના તમામ કર્મચારીગણનો હું આભાર વ્યક્ત કરૂ છું.

માન. જીલ્લા રજિસ્ટાર સાહેબ ગાંધીનગર, તથા સમગ્ર રજિસ્ટ્રાર કચેરીનો સ્ટાફ, તથા જિલ્લા સહકારી સંઘના પ્રમુખશ્રી, બેંક ઈન્સ્પેકટરશ્રી, તથા બેકના તમામ કર્મચારી ગણનો હું આભાર વ્યક્ત કરૂ છું.

અંતમાં મારા વહીવટકાળ દરમિયાન પૂરી નિષ્ઠાથી મંડળીના વિકાસ અને સભાસદોના હિતને ધ્યાનમાં રાખીને વહીવટને ગતિશીલ અને પારદર્શક બનાવવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. આપણી મંડળી હજુ પણ વધુ વિકાસોન્મુખ શિખરો સર કરે અને સભાસદ ભાઈ-બહેનોની કામધેનુ બની રહે એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

**અનુપમાબેન કિરીટભાઈ મોદી**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષના નફાની વહેંચણીનું ભલામણ પત્રક

| વિગત | જમા રૂપિયા | વિગત | ઉધાર રૂપિયા |
|---|---|---|---|
| ચોખ્ખો નફો | ૩૦,૩૭,૧૮૯/- | રીઝર્વ ફંડ ૨૫% | ૭,૫૯,૨૯૭/- |
| | | શેર ડિવિડન્ડ ૭% | ૨૧,૬૭,૧૦૮/- |
| | | શિક્ષણ ફાળો ૧.૫% | ૪૫,૫૫૮/- |
| | | સહકાર પ્રચાર | ૫,૦૦૦/- |
| | | ધર્માદા ફંડ | ૫,૦૦૦/- |
| | | ઘસારા ફંડ | ૧૫,૦૦૦/- |
| | | મકાન ફંડ | ૫,૦૦૦/- |
| | | શકમંદ | ૩૫,૦૦૦/- |
| | | ડી.વી.ઈકવી ફંડ | ૨૨૬/- |
| **કુલ :-** | **૩૦,૩૭,૧૮૯/-** | **કુલ....** | **૩૦,૩૭,૧૮૯/-** |

## વહીવટી ખર્ચ

| વિગત | રૂપિયામાં |
|---|---|
| શ્રી પગાર ખાતે | ૩,૯૮,૪૦૦/- |
| શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૬૦૦/- |
| શ્રી ભાડા ભથ્થા ખાતે | ૩૧,૮૭૪/- |
| શ્રી સરભરા ખર્ચ ખાતે | ૪૮,૨૫૩/- |
| શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૪૨,૧૦૪/- |
| શ્રી પરચૂરણ ખર્ચ ખાતે | ૪,૭૬૩/- |
| શ્રી પેટ્રોલ ખર્ચ ખાતે | ૩૦,૦૦૦/- |
| **કુલ....** | **૬,૧૨,૯૯૪/-** |

## જનરલ સભા

- જનરલ સભા તા. ૨૯-૬-૨૦૧૬, બુધવારના રોજ બપોરે ૨-૦૦ કલાકે ટાઉનહૉલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે રાખેલ છે.
- મંડળીને લગતા આપના સૂચનો તા. ૨૦/૦૬/૨૦૧૬ સુધીમાં લેખિતમાં મોકલી આપશો. નિયત તારીખ પછી આવેલ સૂચનો ધ્યાનમાં લેવાશે નહિ.

**ખાસ નોંધ : જનરલ સભામાં હાજર રહેનારને જ ભાડું ચૂકવવામાં આવશે.**

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## તા. ૧-૪-૨૦૧૫ થી તા. ૩૧-૩-૨૦૧૬ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---|---|---|
| ૨૭,૮૯,૪૪,૪૩૧ | શ્રી અમ.ડી.બેન્ક કે.કે. ખાતે | ૨૭,૯૮,૧૯,૫૭૭ |
| ૨૩,૬૦,૨૦,૪૦૦ | શ્રી કરજ ખાતે | ૨૫,૧૩,૮૦,૦૦૦ |
| ૨૦,૯૬,૪૧,૪૦૦ | શ્રી થાપણ ખાતે | ૨૦,૬૯,૩૦,૯૫૦ |
| — | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૧,૮૩,૭૦,૧૭૦ |
| ૨,૫૭,૧૯,૬૯૫ | શ્રી કરજ વ્યાજ ખાતે | ૫૪,૫૬,૭૧૮ |
| ૭૩,૮૧,૮૦૦ | શ્રી શેર ફાળા ખાતે | ૭૩,૮૧,૮૦૦ |
| ૮૮,૪૦૦ | શ્રી સ્ટેમ્પ ખાતે | ૯૬,૦૦૦ |
| — | શ્રી ભાડા ભથ્થા ખાતે | ૩૧,૮૭૪ |
| ૮૪,૮૫,૪૫૦ | શ્રી ફરજીયાત બચત ખાતે | ૨૮,૫૬,૯૦૦ |
| ૪૬,૬૫,૭૩૪ | શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૫૧,૩૮,૨૮૪ |
| ૫,૪૦૦ | શ્રી સભાસદ ફી ખાતે | ૫,૪૦૦ |
| ૪,૭૦૦ | શ્રી ડેથફાળા ફી ખાતે | ૪,૭૦૦ |
| — | શ્રી માનદ વેતન કર્મચારી ખાતે | ૩,૯૮,૪૦૦ |
| — | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૩૦,૦૦૦ |
| — | શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૬૦૦ |
| ૫,૨૦૦ | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | ૪,૭૬૩ |
| — | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૪૮,૨૫૩ |
| — | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૪૨,૧૦૪ |
| — | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૧૦૪ |
| — | શ્રી લવાજમ ખર્ચ ખાતે | ૨,૨૮૦ |
| ૬,૩૨૦ | શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૭૬,૩૨૦ |
| — | શ્રી વીમા પેકેજ પોલીસી ખાતે | ૧૦,૧૮૮ |
| — | શ્રી ટેલીફોન બીલ ખાતે | ૪,૪૫૪ |
| — | શ્રી વીજળી બીલ ખાતે | ૮,૦૮૦ |
| ૫,૦૦૦ | શ્રી સહકાર પ્રચાર ફંડ ખાતે | — |
| — | શ્રી અમદાવાદ ડિ.બેંક સી.સી. વ્યાજ ખાતે | ૫૬,૯૦૭ |
| ૧,૯૦૨ | શ્રી શેર ડુપ્લીકેટ ફી ખાતે | — |
| — | શ્રી અમ.ડી. બેંક નોમીનલ સભાસદ ફી ખાતે | ૪૫૦ |
| ૫,૦૦૦ | શ્રી મકાન ફંડ (બિલ્ડીંગ ફંડ) ખાતે | — |
| — | શ્રી મિલ્કત / પાણી વેરા ખાતે | ૩,૦૪૩ |
| ૭૩,૮૬,૬૯૦ | શ્રી શેરભંડોળ ખાતે | ૧૧,૨૪,૧૯૦ |

પાછળ ચાલુ...

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## તા. ૧-૪-૨૦૧૫ થી તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---:|---|---:|
| ૨,૯૭,૦૦૦ | શ્રી ડેથબેનીફીટ યોજના ખાતે | ૧,૨૫,૦૦૦ |
| ૪,૫૦,૦૦,૦૦૦ | શ્રી અમ.ડી. બેંક થાપણ ખાતે | ૫,૮૫,૦૦,૦૦૦ |
| ૧૫,૪૮,૫૩૫ | શ્રી અમ. ડી. બેંક થાપણ વ્યાજ ખાતે | — |
| ૪૫૯ | શ્રી ડીવી. ઈક્વી. ફંડ ખાતે | — |
| ૨,૨૬,૦૦૦ | શ્રી નિવૃતિ ફાળા યોજના ખાતે | ૨,૩૧,૦૦૦ |
| — | શ્રી અમ.ડી. બેંક બોન્ડ ખાતે | ૧૫,૦૦,૦૦૦ |
| ૨,૮૦,૦૦૦ | શ્રી અમ. ડી. બેંક, શેર ડીવીડન્ડ ખાતે | — |
| — | શ્રી અમ. ડી. બેંક એસ.એમ.એસ. ચાર્જ ખાતે | ૫૧ |
| ૨૧,૨૦૦ | શ્રી ઘસારા ફંડ ખાતે | ૯૪,૦૫૬ |
| ૧૯,૭૯,૦૦૯ | શ્રી સભાસદ શિક્ષક કેર ડિવીડન્ડ ખાતે | ૧૯,૭૫,૯૨૦ |
| ૯૪,૦૫૬ | શ્રી ડેડસ્ટોક ખાતે | ૩૭,૨૦૦ |
| ૧૦,૦૦૦ | શ્રી ધર્માદા ફંડ ખાતે | — |
| — | શ્રી નફા તોટા ખાતે | ૨૮,૨૫,૧૨૭ |
| ૭,૧૬,૩૮૨ | શ્રી રીઝર્વ ફંડ ખાતે | — |
| ૪૨,૩૭૭ | શ્રી શિક્ષણ ફાળા ખાતે | ૪૨,૩૭૭ |
| ૬૦,૦૦૦ | શ્રી શકમંદ ફંડ ખાતે | — |
| ૩૪,૩૦૦ | શ્રી કર્મચારી બોનસ ખાતે | ૩૧,૦૦૦ |
| — | શ્રી અમ.ડી. બેંક ચેકબુક ખાતે | ૨,૭૨૭ |
| ૧૧,૬૫૫ | શ્રી વિ.પ્રો. ખાતે | ૧૩,૫૫૦ |
| ૫૦,૦૦૦ | શ્રી સૂવર્ણ જયંતિ મહોત્સવ ખાતે | — |
| ૪,૬૫૩ | શ્રી ગાંધીનગર તાલુકા પ્રા.શિ. ગ્રાહક મં. ખાતે | — |
| ૨,૫૬,૫૨૨ | શ્રી કરજ વ્યાજ વળતર ખાતે | ૪,૪૨,૮૩૭ |
| — | શ્રી કોમ્પ્યુટર ખર્ચ ખાતે | ૨૭,૧૩૦ |
| — | શ્રી ઓડિટ ફી ખાતે | ૫,૦૦૦ |
| ૩,૫૦,૦૦,૦૩૪ | શ્રી અમ.ડી. બેંક સેંવિગ્સ ખાતા ખાતે | ૧,૮૮,૯૮,૯૫૯ |
| ૨,૧૦,૦૯૩ | શ્રી અમ. ડી. બેંક સેવિગ્સ વ્યાજ ખાતે | — |
| ૬,૦૦૦ | શ્રી ચેક રીટર્ન ચાર્જ ખાતે | ૩,૯૪૦ |
| ૫,૯૯૫ | શ્રી ઉઘડતી સિલક | — |
| — | શ્રી બંધ સિલક | ૨૬,૪૦૯ |
| ૮૬,૪૨,૨૧,૭૯૨ | કુલ | ૮૬,૪૨,૨૧,૭૯૨ |

**હર્ષદકુમાર ચીમનભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**અનુપમાબેન કિરીટભાઈ મોદી**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## તા. ૧-૪-૨૦૧૫ થી તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીની નફા-નુકશાનનું પત્રક

| ઉપજ | રૂપિયા | ખર્ચ | રૂપિયા |
|---|---|---|---|
| શ્રી કરજ વ્યાજ ખાતે | ૨,૫૭,૧૯,૬૯૫ | શ્રી કર્મચારી વેતન ખાતે | ૩,૯૮,૪૦૦ |
| શ્રી શેર ડુપ્લીકેટ ફી ખાતે | ૧,૯૦૨ | શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૬૦૦ |
| શ્રી જનરલ સભા ડીપોઝીટ ખાતે | ૬,૩૨૦ | શ્રી ભાડા ભથ્થા ખાતે | ૩૧,૮૭૪ |
| શ્રી અમ.ડી.બેંક શેર ડીવી. ખાતે | ૨,૮૦,૦૦૦ | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | ૪,૭૬૩ |
| શ્રી પરચુરણ ખાતે | ૫,૨૦૦ | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૪૨,૧૦૪ |
| શ્રી અમ.ડી.બેંક થાપણ વ્યાજ ખાતે | ૧૫,૪૮,૫૩૫ | શ્રી ટેલીફોન ખર્ચ ખાતે | ૪,૪૫૪ |
| શ્રી અમ.ડી.બેંક સેવિંગ્સ વ્યાજ ખાતે | ૨,૧૦,૦૯૩ | શ્રી વીજળી બીલ ખાતે | ૮,૦૮૦ |
| શ્રી ચેક રીટર્ન ચાર્જ ખાતે | ૬,૦૦૦ | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૧,૮૩,૭૦,૧૭૦ |
| | | શ્રી કરજ વ્યાજ ખાતે | ૫૪,૫૬,૭૧૮ |
| | | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૪૮,૨૫૩ |
| | | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૩૦,૦૦૦ |
| | | શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૭૬,૩૨૦ |
| | | શ્રી ચેકબુક ખાતે | ૨,૭૨૭ |
| | | શ્રી ADC SMS ચાર્જ ખાતે | ૫૧ |
| | | શ્રી કેશ ક્રેડીટ વ્યાજ ખાતે | ૫૬,૯૦૭ |
| | | શ્રી વીમા પોલીસી ખર્ચ ખાતે | ૧૦,૧૮૮ |
| | | શ્રી ઓડીટ ફી ખાતે | ૫,૦૦૦ |
| | | શ્રી મિલ્કતવેરા ખાતે (મ.ન.પા.) | ૩,૦૪૩ |
| | | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૧૦૪ |
| | | શ્રી લવાજમ ખાતે | ૨,૨૮૦ |
| | | શ્રી કોમ્પ્યુટર ખર્ચ ખાતે | ૨૭,૧૩૦ |
| | | શ્રી ચેક રીટર્ન ખર્ચ ખાતે | ૩,૯૪૦ |
| | | શ્રી અમ.ડી. બેંક નોમિનલ ફી | ૪૫૦ |
| **કુલ** | **૨,૭૭,૭૭,૭૪૫** | **કુલ** | **૨,૪૭,૪૦,૫૫૬** |
| **ખોટ** | **૦** | **નફો** | **૩૦,૩૭,૧૮૯** |
| **એકંદરે કુલ.** | **૨,૭૭,૭૭,૭૪૫** | **એકંદરે કુલ...** | **૨,૭૭,૭૭,૭૪૫** |

**હર્ષદકુમાર ચીમનભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**અનુપમાબેન કિરીટભાઈ મોદી**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## • તા. ૩૧-૩-૨૦૧૬ ના રોજનું સરવૈયું •

| દેવું-મિલકત | રૂપિયા | પુંજી લેણું | રૂપિયા |
|---|---|---|---|
| શ્રી અમ.ડી.બેંક-સી.સી.ખાતે | — | શ્રી અમ.ડી.બેંક - સી.સી. ખાતે | ૮૨,૧૯,૪૨૨ |
| શ્રી થાપણ ખાતે | ૨૦,૩૧,૬૭,૫૫૦ | શ્રી કરજ ખાતે | ૨૭,૪૩,૭૫,૭૦૦ |
| શ્રી શેર ભંડોળ ખાતે | ૩,૧૦,૦૦,૧૨૦ | શ્રી ડેડસ્ટોક ખાતે | ૨,૬૪,૭૧૪ |
| શ્રી ડેથ બેનીફીટ યોજના ખાતે | ૪,૭૨,૦૦૦ | શ્રી કરજ સ્ટેમ્પ ખાતે | ૭,૬૦૦ |
| શ્રી ડીવી. ઈક્વી. ફંડ ખાતે | ૭૭,૬૦૫ | શ્રી ટેલિફોન ડીપોઝીટ ખાતે | ૬,૧૬૦ |
| શ્રી નિવૃત્તિ ફાળા યોજના ખાતે | ૩,૦૯,૧૨૦ | શ્રી ગા.તા.પ્રા.શિ. ગ્રાહક મંડળી ખાતે | ૫૨,૨૭૦ |
| શ્રી સભાસદ શેર ડીવીડન્ડ ખાતે | ૭,૧૩૩ | શ્રી અમ.ડી.બેંક શેર ફાળા ખાતે | ૨૦,૦૦,૦૦૦ |
| શ્રી વ્યાજ વળતર ખાતે | ૨,૭૫,૨૨૪ | શ્રી મકાન ખાતે | ૧૦,૦૩,૧૧૯ |
| શ્રી ઘસારા ફંડ ખાતે | ૨૮,૫૫૧ | શ્રી ગાં.જિ.મ. બેંક બોન્ડ ખાતે (સૂચિત) | ૨,૫૦૦ |
| શ્રી ધર્માદા ફંડ ખાતે | ૨૪,૨૬૧ | શ્રી અમ.ડી.બેંક સેવિંગ્સ ખાતા ખાતે | ૪૧,૧૬,૩૮૭ |
| શ્રી વિ.પ્રો.ફંડ ખાતે | ૭૩,૭૮૪ | શ્રી અમ. ડી. બેંક થાપણ ખાતે | ૨,૩૫,૦૦,૦૦૦ |
| શ્રી મકાન (બિલ્ડીંગ) ફંડ ખાતે | ૨,૬૭,૫૯૪ | શ્રી અમ.ડી. બેંક બોન્ડ ખાતે | ૧૫,૦૦,૦૦૦ |
| શ્રી રીઝર્વ ફંડ ખાતે | ૧,૧૪,૧૦,૧૧૧ | | |
| શ્રી વિદ્યાલક્ષ્મી બોન્ડ ખાતે | ૩૩,૯૦૦ | | |
| શ્રી સહકાર પચાર ફંડ ખાતે | ૩૬,૮૫૫ | | |
| શ્રી ફરજીયાત બચત ખાતે | ૫,૯૮,૨૬,૩૫૦ | | |
| શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૪૭,૦૨,૬૩૪ | | |
| શ્રી કર્મચારી બોનસ ખાતે | ૩૪,૩૦૦ | | |
| શ્રી સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવણી ખાતે | ૨,૦૦,૦૦૦ | | |
| શ્રી શકમંદ ખાતે | ૯૦,૦૦૦ | | |
| | | **શ્રી બંધ સિલક** | ૨૬,૪૦૯ |
| **કુલ** | **૩૧,૨૦,૩૭,૦૯૨** | **કુલ** | **૩૧,૫૦,૭૪,૨૮૧** |
| **નફો** | **૩૦,૩૭,૧૮૯** | **ખોટ** | — |
| **કુલ** | **૩૧,૫૦,૭૪,૨૮૧** | **એકંદર કુલ** | **૩૧,૫૦,૭૪,૨૮૧** |

**હર્ષદકુમાર ચીમનભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**અનુપમાબેન કિરીટભાઈ મોદી**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.**

**કાર્યાલય : પ્લોટ નં. ૧૬૨/૧, આનંદવાટિકા, સેક્ટર-૨૨, ગાંધીનગર, ફોન નં. (૦૭૯) ૦૨૩૨૨૫૭૩૨.**

**પ્રતિશ્રી,**
**પ્રમુખશ્રી / મંત્રીશ્રી,**
**ગાંધીનગર તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,**
**ગાંધીનગર.**

## માનદ્ ઓડીટરશ્રીઓનો શેરો

શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી લી.ના તા.૧/૪/૨૦૧૫ થી ૩૧/૦૩/૨૦૧૬ સુધીના તમામ હિસાબોનું ઓડીટ કરવામાં આવેલ છે. ઓડીટમાં તમામ જમા ઉધાર વાઉચરો, થાપણો જમા- ઉધાર, થાપણ દૈનિક સ્ટેટમેન્ટ, રોજમેળ, દૈનિક જમા પાવતી સ્ટેટમેન્ટ, જનરલ ખાતાવહી, થાપણ રજીસ્ટર, ચેકબુકો, બેંક પાસબુકો તથા બેંકનાં સ્ટેટમેન્ટની ચકાસણી કરવામાં આવેલ છે.


વહીવટી સૂચનાઓનું સ્પષ્ટીકરણ મંત્રીશ્રી તથા કાર્યાલય કર્મચારીશ્રીઓ સાથે કરવામાં આવી અને તેમાં જરૂરી સુધારા વધારા તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું. મંડળીનો વહીવટ ખૂબ જ કરકસર અને કુનેહપૂર્વક કરવામાં આવેલ જણાયો.

મંડળીનો વહીવટ સ્વચ્છ, સુંદર અને પારદર્શક ચાલે છે. તેમજ પ્રમુખશ્રી, મંત્રીશ્રી, કાર્યાલય કર્મચારીગણ અને કારોબારીના અન્ય સભ્યશ્રીઓની કામગીરી સારી જણાયેલ છે. મંડળી દિનપ્રતિદિન વિકાસોન્મુખ રીતે પ્રગતિ કરે અને તમામ સભાસદોને લાભ મળે તેવી શુભેચ્છા સહ....

**માનદ ઓડીટરશ્રીઓ :-**

| (૧) શ્રી દેવકુમાર પ્રતાપરાય કલવાણી | (૨) શ્રી અશોકભાઈ બાબુભાઈ લખવારા | (૩) શ્રી સંજકુમાર રામાભાઈ પટેલ |
|---|---|---|
| અડાલજ વિભાગ, | રાંધેજા વિભાગ, | ડભોડા વિભાગ, |

તારીખ : ૦૭/૦૪/૨૦૧૬



# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## • નિવૃત્તિ ફાળો ચૂકવ્યાની યાદી • સને ૨૦૧૫-૧૬

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | શાળા | ઠરાવ નં./તારીખ | ચૂકવ્યા તારીખ | રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | લલિતાબેન આદરભાઈ પટેલ | પોર | ઠ.નં. -૪/૦૮-૦૬-૧૫ | ૦૯/૦૬/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૨ | વિમળાબેન ધાભાઈદાસ પટેલ | સરગાસણ | ઠ.નં. -૪/૦૮-૦૬-૧૫ | ૦૯/૦૬/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૩ | જયાબેન ભોગીલાલ મહેતા | વિસતમાતા | ઠ.નં. -૪/૦૮-૦૬-૧૫ | ૧૯/૦૬/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૪ | મંજુલાબેન સાંકળચંદ નાયક | ગુ.જ.હા. બોર્ડ | ઠ.નં. -૪/૦૮-૦૬-૧૫ | ૧૨/૦૬/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૫ | ભગવતીબેન મંગળદાસ પટેલ | કોલવડા કન્યા-૧ | ઠ.નં. -૪/૦૮-૦૬-૧૫ | ૧૦/૦૬/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૬ | લીલાબેન મંગળદાસ પટેલ | કૃષ્ણનગર (રાંધેજા) | ઠ.નં. -૪/૦૮-૦૬-૧૫ | ૧૮/૦૬/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૭ | કમળાબેન રામાભાઈ પટેલ | ઈસનપુર મોટા | ઠ.નં. -૪/૦૮-૦૬-૧૫ | ૧૭/૦૬/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૮ | ચંદ્રિકાબેન નારણભાઈ નડિયાપરા | અમરાપુરા | ઠ.નં. -૪/૦૮-૦૬-૧૫ | ૧૦/૦૬/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૯ | હસુમતીબેન ભીખાભાઈ જાદવ | પેથાપુર કન્યા-૧ | ઠ.નં. -૪/૦૮-૦૬-૧૬ | ૧૧/૦૬/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૧૦ | કમળાબેન અમથાભાઈ પરમાર | ચાંદખેડા | ઠ.નં. -૪/૦૮-૦૬-૧૭ | ૧૩/૦૭/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૧૧ | સુભદ્રાબેન ચુનીલાલ જોષી | સરગાસણ | ઠ.નં. -૪/૦૭-૧૧-૧૫ | ૦૯/૧૧/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૧૨ | ગીતાબેન વાસુદેવ ઠાકર | કોલવડા કન્યા-૨ | ઠ.નં. -૪/૦૭-૧૧-૧૫ | ૦૯/૧૧/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૧૩ | પુષ્પાબેન અંબાલાલ જાની | શાહપુર | ઠ.નં. -૪/૦૭-૧૧-૧૫ | ૦૯/૧૧/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૧૪ | વિનોદીબેન નયનકુમાર રાવલ | ફતેપુરા | ઠ.નં. -૪/૦૭-૧૧-૧૫ | ૦૯/૧૧/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૧૫ | કૈલાસબેન વાડીલાલ પટેલ | મોટેરા કન્યા | ઠ.નં. -૪/૦૭-૧૧-૧૫ | ૦૯/૧૧/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૧૬ | મંજુલાબેન નાથાલાલ વાણીયા | વિસતમાતા | ઠ.નં. -૪/૦૭-૧૧-૧૫ | ૦૯/૧૧/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૧૭ | ગીતાબેન કચરાભાઈ પટેલ | પેથાપુર કુમાર-૨ | ઠ.નં. -૪/૦૭-૧૧-૧૫ | ૦૯/૧૧/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૧૮ | ઈન્દિરાબેન બાબુલાલ રાવલ | જલુંદ | ઠ.નં. -૪/૦૭-૧૧-૧૫ | ૦૯/૧૧/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૧૯ | મંજુલાબેન બબાભાઈ સેનમા | રાંધેજા | ઠ.નં. -૪/૦૭-૧૧-૧૫ | ૨૬/૧૧/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૨૦ | રમીલાબેન હીરાભાઈ સોલંકી | રાંધેજા કન્યા | ઠ.નં. -૪/૦૭-૧૧-૧૫ | ૧૮/૧૨/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| ૨૧ | જશોદાબેન રેવાભાઈ સોલંકી | કોટેશ્વર | ઠ.નં. ૧૦/૧૧-૦૭-૧૫ | ૧૮/૦૯/૨૦૧૫ | ૧૧,૦૦૦ |
| | | | | કુલ... | ૨૩૧,૦૦૦ |

**હર્ષદકુમાર ચીમનભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**અનુપમાબેન કિરીટભાઈ મોદી**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.



# • સન્માનનીય નિવૃત્ત શિક્ષકોની યાદી •



**તારીખ : ૦૧/૦૬/૨૦૧૫થી ૩૧/૦૫/૨૦૧૬ સુધી**

| ક્રમ | શિક્ષકશ્રીનું નામ | શાળા | તારીખ | વય નિવૃત્તિ |
|---|---|---|---|---|
| ૧ | સુભદ્રાબેન ચુનીલાલ જોષી | સરગાસણ | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૨ | ગીતાબેન વાસુદેવ ઠાકર | કોલવડા કન્યા-૨ | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૩ | પુષ્પાબેન અંબાલાલ જાની | શાહપુર | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૪ | વિનોદીનીબેન નયનકુમાર રાવલ | ફતેપુરા | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૫ | કૈલાસબેન વાડીલાલ પટેલ | મોટેરા કન્યા | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૬ | કમળાબેન ભીખાભાઈ પંડ્યા | જીવણપુરા | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૭ | મંજુલાબેન નાથાલાલ વાણીયા | વિસતમાતા | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૮ | ગીતાબેન કચરાભાઈ પટેલ | પેથાપુર કુમાર-૨ | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૯ | મંજુલાબેન બબાભાઈ સેનમા | રાંધેજા | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૧૦ | શકરીબેન પ્રહલાદભાઈ પટેલ | પ્રભુપુરા | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૧૧ | રમીલાબેન હીરાભાઈ સોલંકી | રાંધેજા કન્યા | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૧૨ | કપિલાબેન જગદીશચંદ્ર પટેલ | વલાદ | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૧૩ | ઈન્દિરાબેન બાબુલાલ રાવલ | જલુંદ | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૧૪ | રંજનબેન કોદરલાલ ધોબી | શેરથા | ૩૧-૧૦-૨૦૧૫ | વય નિવૃતિ |
| ૧૫ | મિનાક્ષીબેન દશરથલાલ ત્રિવેદી | અડાલજ ૫.કે. | ૩૧-૦૫-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૬ | હંસાબેન આત્મારામ પ્રજાપતિ | ભાટ | ૩૧-૦૫-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૭ | અનીતાબેન કેશવલાલ પટેલ | શિહોલી મોટી | ૩૧-૦૫-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૮ | વાસુદેવ નટવરલાલ પટેલ | જલુંદ | ૩૧-૦૫-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૧૯ | હેમલતાબેન ભગવાનદાસ બ્રહ્મક્ષત્રિય | પ્રાંતિયા | ૩૧-૦૫-૨૦૧૬ | વય નિવૃતિ |
| ૨૦ | રંજનબેન નટવરલાલ ભાવસાર | પિરોજપુર | ૩૧-૦૫-૨૦૧૬ | વય નિવૃતિ |

## અશ્રુભિની શ્રદ્ધાંજલિ

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | ફોટો | શાળા | ઠરાવ નં. | ચૂકવ્યા તારીખ | રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અરવિંદભાઈ પોપટભાઈ સુથાર<br>વારસદાર : દક્ષાબેન અરવિંદભાઈ સુથાર<br>સ્વ. તારીખ : ૨૦-૧-૨૦૧૬ |  | વડોદરા લાટ<br>(ડભોડા પ.કે) | ઠરાવ નં. ૧<br>તા.૬-૨-૨૦૧૩ | ૨-૨-૨૦૧૬ | ૧,૨૫,૦૦૦/- |
| ૨ | કૈલાસબેન કોદરલાલ ઠક્કર<br>સ્વ. તારીખ : ૨૨-૨-૨૦૧૬ |  | બાપુપુરા<br>(પેથાપુર પ.કે) | – | – | – |
| ૩ | નવીનચંદ્ર નારાયણભાઈ પટેલ<br>સ્વ. તારીખ : ૨૨-૫-૨૦૧૬ |  | રામપુરા<br>(વિરાતલાવડી પ.કે) | – | – | – |
| | | | | | કુલ... | ૧,૨૫,૦૦૦/- |

## વ્યાજના દર

| | | |
|---|---|---|
| થાપણ | ૧ વર્ષની મુદત માટે ૮.૫૦ % | નોંધ : પાકતી તારીખ પહેલા અથવા પાકતી તારીખ પછી થાપણ વટાવવામાં આવશે તો તેટલા મહિનાનું ૩.૬૦% પ્રમાણે વ્યાજ ચૂકવવામાં આવશે. |
| કરજ લોન | ૯.૬૦ % | |

## પ્રોત્સાહક ઈનામ મેળવવા માટે.... (તમામ અભ્યાસક્રમ માટે)

- માર્કશીટની ઝેરોક્ષ પાછળ નીચે પ્રમાણે વિગત લખવી.
  સભાસદની વિગત લખવી. (નામ, શાળા, મોબાઈલ નંબર તથા તારીખ)
  સંતાનની વિગત લખવી. (નામ, અભ્યાસ, ટકા)
- ચાલુ વર્ષે ૧૬/૦૬/૨૦૧૫ થી ૧૫/૦૬/૨૦૧૬ સુધીની માર્કશીટ આપવી.
- તા. ૧૫/૦૬/૨૦૧૬ પછી માર્કશીટની નકલ સ્વીકારવામાં આવશે નહીં.
- ધોરણ-૧૦ અને ૧૨ માં પર્સેન્ટાઈલ ગણવામાં આવશે નહીં.
- દરેક શાખામાં ત્રણ નંબર આપવામાં આવશે. (ધોરણ-૧૦ /૧૨ વિ.પ્ર./ સા.પ્ર./ડિગ્રી એન્જિનિયરીંગ )
- મેડીકલની ડિગ્રી કલીયર કરેલ તમામ વિદ્યાર્થીઓ
- SSC/HSC (સામાન્ય પ્રવાહ) ૭૦% થી વધુ તથા HSC (વિજ્ઞાન પ્રવાહ) ૬૦% થી વધુ હોવા જરૂરી છે.
- તા. ૧૬/૦૬/૨૦૧૬ થી તા. ૧૫/૦૬/૨૦૧૭ સુધીની માર્કશીટ આવતા વર્ષે આપવી.
- પ્રોત્સાહક ઈનામની રકમ જે તે સભાસદની શાળાએ મોકલી આપવામાં આવશે.

## ● ખાસ સૂચના ●

### કરજ

- કરજ લોન લેતી વખતે અરજદારે ૧ નંગ મંડળીના નામનો સિક્યોરીટી ચેક આપવાનો રહેશે. (સેલેરી એકાઉન્ટનો CTS ચેક)
- ૨ નંગ રેવન્યુ ટીકીટ સાથે લાવવાની રહેશે.
- ૧૦% શેર ફાળો ફરજીયાત કાપવામાં આવશે.
- કરજ લેનાર સભાસદે પોતાના પગાર કેન્દ્રના સભાસદોને જ જામીનદાર રાખવા હિતાવહ છે.
- **મળવાપાત્ર કરજ લોન**

| | | |
|---|---|---|
| ૧ | વિદ્યાસહાયક | ૨,૦૦,૦૦૦/- |
| ૨ | કુલ ગ્રોસ પગાર ૩૫,૦૦૦/- સુધી | ૫,૦૦,૦૦૦/- |
| ૩ | કુલ ગ્રોસ પગાર ૩૫,૦૦૧ થી વધુ | ૮,૫૦,૦૦૦/- |

- નિવૃત્તિનો સમયગાળો ૩ વર્ષથી ઓછો હોય તેમને નિવૃતિના જેટલા મહિના બાકી હોય તો રૂા. ૧૦,૦૦૦ના ગુણાંકમાં લોન મળવાપાત્ર રહેશે. **દા.ત.** ૧૫ મહિના બાકી છે. તો ૧૫ મહિના X ૧૦,૦૦૦ = ૧,૫૦,૦૦૦ રૂા. મળવાપાત્ર થાય.

### થાપણ

- થાપણ રસીદ રીન્યુ કરાવા આવો ત્યારે રેવન્યુ ટીકીટ લગાવી જે તે ખાતાધારકની સહી કરાવીને જ આવવું.
- પાકતી તારીખે અથવા અધવચ્ચે રસીદ વટાવતી વખતે જે ખાતાધારકના નામનો મંડળી તરફથી A/c Pay ચેક જ આપવામાં આવશે.

### ચેક

- મંડળીમાં કરજ લોનમાં જમા કરતી વખતે અથવા નવી થાપણ રસીદ બનાવતી વખતે ફરજીયાત ચેક જ આપવાનો રહેશે.
- CTS 2010 લખેલ ચેક જ સ્વીકારવામાં આવશે. જો આપનો ચેક CTS 2010 ના હોય તો જે તે બેંકમાંથી નવી ચેકબુક મેળવી લેવી.
- મંડળીમાં આપવાનો ચેક A/c Pay કરી નીચે મુજબ લખવાનો રહેશે.
  "ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિ.શ.સ.મં.લી."
- કોઈપણ સંજોગોમાં ચેક રીટર્ન થાય તો મંડળી પોતાના નિયમ મુજબ ચેક રીટર્ન ચાર્જ જે તે સભાસદ પાસેથી વસુલ કરવામાં આવશે. (હાલનો ચાર્જ ૨૦૦/-)

### કાર્યાલય સમય

- સોમવારથી શનિવાર : ૯:૩૦ થી ૩:૦૦ સુધી
- ૩:૦૦ વાગ્યા પછી નાણાકીય લેવડ-દેવડ અંગેનું કોઈપણ કામ કરવામાં આવશે નહિ.
- કાર્યાલય બીજા તથા ચોથા શનિવારે, દર રવિવાર, બેંકીગ રજા તથા બંધનું એલાન હોય ત્યારે બંધ રહેશે.

**ખાસ નોંધ : હવેથી દર વર્ષે ઉનાળું વેકેશન પડે તે તારીખથી ૩૧ મે સુધી મંડળીનો સમય સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ સુધીનો રહેશે. તા. ૧ જૂનથી રાબેતા મુજબનો સમય રહેશે.**

ઉપરોક્ત સૂચનો / નિયમો પરિસ્થિતિને અનુસંધાન કારોબારી ફેરફાર કરી શકે છે.

## શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી., ગાંધીનગર.

### ● પંચવર્ષીય પ્રગતિના આંકડા ●

| ક્રમ | વિગત | ૩૧-૦૩-૨૦૧૨ | ૩૧-૦૩-૨૦૧૩ | ૩૧-૦૩-૨૦૧૪ | ૩૧-૦૩-૨૦૧૫ | ૩૧-૦૩-૨૦૧૬ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઓડીટ વર્ગ | અ | અ | અ | અ | ઓડિટ બાકી |
| ૨ | સભાસદ સંખ્યા | ૧,૧૩૧ | ૧,૧૭૯ | ૧,૧૯૦ | ૧,૧૮૫ | ૧,૧૯૦ |
| ૩ | શેરભંડોળ | ૨,૧૧,૧૦,૧૪૦ | ૨,૩૫,૩૫,૧૨૦ | ૨,૪૪,૭૦,૮૪૦ | ૨,૪૭,૩૭,૬૨૦ | ૩,૧૦,૦૦,૧૨૦ |
| ૪ | કરજ ધીરાણ | ૨૨,૭૪,૪૦,૦૦૦ | ૨૩,૭૫,૫૩,૦૦૦ | ૨૫,૭૦,૯૩,૦૦૦ | ૧૯,૪૭,૯૯,૫૦૦ | ૨૫,૧૩,૮૦,૦૦૦ |
| ૫ | કરજ વસુલ | ૨૦,૬૫,૬૧,૦૦૦ | ૨૧,૦૬,૮૨,૨૦૦ | ૨૫,૦૪,૦૩,૦૦૦ | ૨૦,૯૧,૯૯,૩૦૦ | ૨૩,૬૦,૨૦,૪૦૦ |
| ૬ | કરજ બાકી | ૨૩,૯૮,૫૫,૧૦૦ | ૨૬,૬૭,૨૫,૯૦૦ | ૨૭,૩૪,૧૫,૯૦૦ | ૨૫,૯૦,૧૬,૧૦૦ | ૨૭,૪૩,૭૫,૭૦૦ |
| ૭ | રીઝર્વ ફંડ | ૮૬,૬૯,૫૯૪ | ૯૩,૧૪,૧૬૬ | ૯૯,૮૧,૬૪૧ | ૧,૦૬,૯૩,૭૨૯ | ૧,૧૪,૧૦,૧૧૧ |
| ૮ | થાપણ | ૧૭,૪૬,૬૪,૬૫૦ | ૧૮,૯૧,૦૭,૭૫૦ | ૧૯,૧૬,૬૧,૮૫૦ | ૨૦,૦૪,૫૭,૧૦૦ | ૨૦,૩૧,૬૭,૫૫૦ |
| ૯ | વહીવટી ખર્ચ | ૬,૧૦,૯૭૨ | ૬,૯૨,૫૧૦ | ૭,૮૩,૨૦૪ | ૭,૧૬,૨૩૬ | ૬,૧૨,૯૯૪ |
| ૧૦ | નફો | ૨૪,૯૧,૪૮૮ | ૨૬,૧૪,૩૦૨ | ૨૮,૦૯,૯૫૨ | ૨૮,૨૫,૧૨૭ | ૩૦,૩૭,૧૮૯ |
| ૧૧ | શેર ડિવિડન્ડ | ૧૬,૮૮,૮૧૧ | ૧૮,૮૨,૮૧૦ | ૧૯,૫૭,૬૬૭ | ૧૯,૭૯,૦૦૯ | ૨૧,૬૭,૧૦૮ |
| ૧૨ | બેંક ખાતે જમા | ૧૬,૬૧,૫૯૯ | –૨,૭૭,૭૫૨ | ૩૯,૩૬,૭૮૧ | ૭૩,૪૪,૨૭૬ | ૮૨,૧૯,૪૨૨ |
| ૧૩ | વાર્ષિક ટર્ન ઓવર | ૬૪,૩૨,૨૬,૮૮૮ | ૬૬,૭૯,૭૩,૭૯૩ | ૭૬,૧૮,૬૨,૪૬૧ | ૭૭,૧૯,૧૧,૯૮૭ | ૮૬,૪૨,૨૧,૭૯૨ |
| ૧૪ | કરજ વ્યાજ વળતર | ૯,૧૨,૯૬૭(૪%) | ૧૦,૫૨,૯૨૩(૪%) | ૦ | ૩,૯૯,૫૫૧ (૧.૫%) | ૨,૫૬,૫૨૨ (૧%) |
| ૧૫ | ફરજીયાત બચત | ૩,૨૦,૨૫,૦૦૦ | ૩,૭૯,૬૧,૩૦૦ | ૪,૫૫,૪૧,૭૦૦ | ૫,૪૧,૯૭,૮૦૦ | ૫,૯૮,૨૬,૩૫૦ |
| ૧૬ | શેર ડિવીડન્ડ (ટકામાં) | ૮.૦૦% | ૮.૦૦% | ૮.૦૦% | ૮.૦૦% | ૭.૦૦% |
| ૧૭ | ફરજીયાત બચત વ્યાજ | ૧૩.૦૦% | ૧૩.૦૦% | ૧૧.૦૦% | ૯.૫૦% | ૭.૮૦% |

**હર્ષદકુમાર ચીમનભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**અનુપમાબેન કિરીટભાઈ મોદી**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## આંતરિક ઓડીટરશ્રી



**દેવકુમાર પી. કલવાણી**
અડાલજ વિભાગ



**અશોકકુમાર બી. લખવારા**
રાંધેજા વિભાગ



**સંજયકુમાર આર. પટેલ**
ડભોડા વિભાગ

## કાર્યાલય કર્મચારીગણ



**રમણભાઈ એન. પટેલ**
કાર્યાલય મંત્રીશ્રી



**મન્વેશકુમાર આર. પટેલ**
કૉમ્પ્યુટર ઓપરેટર



**આકાશ ડી. સોની**
કૉમ્પ્યુટર ઓપરેટર



**પ્રમોદભાઈ એમ. શુક્લ**
સેવક

Website : www.gtpsssml.co.in

E-mail : gtpsssml@gmail.com

Facebook : www.facebook.com/gtpsml

# હક અને ફરજ

- આ સંસ્થા તમારી છે તેને વફાદાર રહેશો.
- તમારી સંસ્થાના તમો માલિક છો, તો માલિક તરીકે વર્તીને માલિકની ફરજ બજાવો.
- સંસ્થાની સફળતા અને નિષ્ફળતાના આધારિત તમે જ છો તે યાદ રાખો.
- આપને સહકાર આપવો અમારી ફરજ છે અને આપની પાસેથી યોગ્ય વર્તનની અપેક્ષા છે.



### શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

આપણે સાચી પરિસ્થિતિ સમજી લઈ સરકાર ઉપર આધાર રાખવાનું છોડી દઈ આપણી જવાબદારીઓ આપણે પોતે જ ઉપાડતા અને લોકોને તે ઉપાડી લેવાનું સમજાવતા થઈ જવું જોઈએ.

સંગઠન વિનાનું સંખ્યાબળ એ બળ નથી. સૂતરના બારીક તાર જુદા જુદા હોય છે, પણ જ્યારે મોટી સંખ્યામાં ભેગા થઈને મહોબત કરે છે, તાણા વાણામાં વણાઈને કપડાનું રૂપ લે છે ત્યારે એની મજબૂતી, સુંદરતા અને ઉપયોગીતા અદ્‌ભૂત બની જાય છે. આપણું ધ્યેય શુદ્ધ હોય ત્યારે આપણી ત્રુટીઓ સુધારવાનો આપણે હંમેશા પ્રયત્ન કરવો જોઈએ.


**હર્ષદકુમાર ચીમનભાઈ પટેલ**
પ્રમુખશ્રી
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.


પ્રતિશ્રી,

Book Post

રવાના
**શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.**
૧૯૨/૧, આનંદ વાટિકા, સેક્ટર-૨૨, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૫૭૩૨


મુદ્રક : શ્રી ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ, ૧૦, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૩, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૦૮૧૫